ગુરુની આંધળી ભક્તિ
કરવા કરતા ગુરુએ આપેલ
જ્ઞાનને સરળ બનાવી એને
સત્સંગ થકી વહેંચવું એ
સાચી ગુરુભક્તિ
- અરવિંદ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૭ | ૧૮ માર્ચ, ૨૦૧૫, બુધવાર ; ફાગણ વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# ગાંધીનગર જિલ્લાના પડતર પ્રશ્નોની ૨૩મીએ મુખ્યમંત્રી સમીક્ષા કરશે

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લાના પડતર પ્રશ્નો અને વિભાગોમાં અટકેલી રજુઆતો અંગેની સમીક્ષા રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ આગામી ૨૩મી માર્ચના રોજ હાથ ધરશે.

તેઓ આ સમીક્ષા અધિકારીઓ અને પદાધિકારીઓની ઉપસ્થિતિમાં કરશે. વિધાનસભાનુંસત્ર ચાલુ હોવા છતાં તેમણે આ ભરચક કાર્યક્રમ વચ્ચે સમીક્ષા કરવાનો નિર્ણય લીધો છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાના પડતર પ્રશ્નો અંગેની યાદી તૈયાર કરવા માટે તંત્રએ કવાયત હાથ ધરી દીધી છે. જો કે આ પ્રશ્નો પડતર રહેવાના કારણો પણ સાથે દર્શાવવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે. જિલ્લાના ખેડૂતોના પ્રશ્નો, પંચાયતના મકાનના પ્રશ્નો, જિલ્લામાં વિવિધ કચેરીઓની મહેકમની ખાલી જગ્યાઓ, જિલ્લામાં સ્વચ્છતા મિશન અંતર્ગત થયેલ કામગીરીની સમીક્ષા સહિતના મુદ્દાઓ પર આ બેઠકમાં ચર્ચાઓ થશે તેમ મનાઈ રહ્યું છે.

જિલ્લાના પડતર પ્રશ્નોમાં મહાનગરપાલિકાને સત્તા સોંપણી અંગે અલગથી બેઠક કરવામાં આવે તેમ મનાઈ રહ્યું છે. પંચાયતોના સ્વભંડોળ વૃદ્ધિ બાબતે પણ બેઠકમાં ચર્ચાઓ થશે તેમ મનાઈ રહ્યું છે.

## જિલ્લામાં હજુ મહત્વની જગ્યાઓ ચાર્જમાં ચાલે છે

### વહીવટીતંત્રની કામગીરી પર વિપરીત અસરો તલાટીથી અમલદાર સુધીની જગ્યાઓ ચાર્જમાં !!

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લા વહીવટીતંત્રની મહત્વની જગ્યાઓ જ ચાર્જમાં ચાલતી હોવાને કારણે કામગીરી પર વિપરીત અસરો પડવા પામી છે.

મળતી વિગતો પ્રમાણે નાયબ જિલ્લા વિકાસ અધિકારી, અધિક નિવાસી કલેક્ટર, સ્ટેમ્પ ડ્યુટીના નાયબ કલેક્ટર, ઈવીક્શનના નાયબ કલેક્ટર, પ્રોટોકોલના નાયબ કલેક્ટર સહિતની મહત્વની જગ્યાઓ ખાલી પડેલી છે. આ ઉપરાંત જિલ્લામાં નિવૃત્તિથી ખાલી પડેલી જગ્યાઓની સંખ્યા પણ ઘણી મોટી છે.

જિલ્લામાં નાયબ મામલતદાર સંવર્ગની જ ૧૮થી વધુ જગ્યાઓ ખાલી પડી છે તો ચીટનીસની જગ્યા પંચાયતમાં ખાલી પડી છે. આ બધી જગ્યાઓ ચાર્જમાં ચાલતી હોવાને કારણે કામગીરી પર તેની અસરો પડવા પામી છે.

ગાંધીનગર મહાનગરપાલિકામાં પણ આસિ. મ્યુનિ. કમિશનર અને એક ડે. મ્યુનિ. કમિશનર સહિત ઘણી જગ્યાઓ ખાલી છે. અહિ પણ ચાર્જમાં કામગીરી ચાલી રહી છે.

રાજ્યના વહીવટીતંત્રને સતત માર્ગદર્શન પુરૂ પાડવા માટે સચિવાલય જેવુ સૌથી વિશાળ સંકુલ ગાંધીનગરમાં હોવા છતાં આ જિલ્લામાંની ખાલી જગ્યાઓ જ તંત્રને ધ્યાને આવતી નથી.

જિલ્લામાં એક તરફ સરકારી વ્યસ્તતામાં તંત્ર અટવાયેલુ છે ત્યારે લોકોના પ્રશ્નોનું નિરાકરણ ક્યારે થશે તે વાતને લઈ લોકોમાં નિરાશા પ્રવર્તી રહી છે. હવે તો તંત્રમાં જઈ રજુઆત કરવા માટે પણ આગેવાનો ઉત્સુક દેખાતા હોય તેવુ લાગતુ નથી.

તલાટીથી લઈ અમલદાર સુધીની જગ્યાઓ જે રીતે ચાર્જમાં ચાલી રહી છે તેને લીધે સ્થાનિક પ્રશ્નો પણ વણઉકલ્યા રહ્યા છે. ગ્રામસભા અભિયાનની નિષ્ફળતા એ પ્રજાની નિરાશાનો સંકેત છે તે વાત હવે સત્તાધીશોની આંખ નથી ખોલી શકતુ એ પણ સમયની બલિહારી છે.

## સ્વાઈન ફલુ અટકાવવા પ્રાથમિક શાળાના બાળકોને હોમિયોપેથીની દવાથી રક્ષિત કરાશે

### અવિશ્વાસની દરખાસ્ત માટે વિકાસ કમિશનર પાસે તારીખ મંગાતા શિક્ષણ સમિતિ કબ્જે કરવામાં રૂકાવટ

ગાંધીનગર, તા. ૧૭

જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન સામે રજુ થયેલી અવિશ્વાસની દરખાસ્ત અંગેની તારીખ વિકાસ કમિશનરશ્રી દ્વારા નિયત થઈ આવતાં સમિતિની બેઠકમાં તે ચર્ચા થશે. દરમ્યાન જિલ્લા શિક્ષણ સમિતિની આજે એક મહત્વની બેઠક મળી હતી.

જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી ગાંભુસિંહના અધ્યક્ષપદે મળેલ બેઠકમાં બુધવાર, ગુરૂવાર અને શુક્રવારના દિવસો દરમ્યાન જિલ્લાની તમામ પ્રા. શાળાના બાળકોને સ્વાઈન ફલુની તકેદારીના ભાગરૂપે હોમિયોપેથીની દવા આપવામાં આવશે.

જિલ્લામાં સ્વાઈન ફલુના ૨૧૦થી વધુ કેસ નોંધાયા હોવાથી તંત્રએ હવે તકેદારીના પગલાં લેવાનો નિર્ણય કર્યો છે.

આજની શિક્ષણ સમિતિની બેઠકમાં ગુણવત્તાલક્ષી શિક્ષણનો પ્રોજેક્ટ હાલ પરીક્ષાનો માહોલ હોવાથી સ્થગિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ પહેલાં ગાંધીનગર તાલુકાની પ્રા. શાળાઓમાં તે પાયલોટ પ્રોજેક્ટ તરીકે અમલી બનાવવામાં આવ્યો હતો.

જિલ્લા શિક્ષણ સમિતિના ચેમરેન સામે રજુ થયેલી અવિશ્વાસની દરખાસ્તને લઈ આજની બેઠક પર રાજકીય વર્તુળોની નજર મંડાયેલી હતી. જો કે આ અવિશ્વાસની દરખાસ્ત પર વિકાસ કમિશનરને મોકલી અને તેમની પાસે તે અંગેની તારીખ માંગવામાં આવી છે.

આજની બેઠકમાં એજન્ડા પરની કામગીરી ૧૫ થી ૨૦ મિનિટની ચર્ચાને અંતે પૂર્ણ થતાં સમિતિની બેઠક પૂર્ણ થયાની જાહેરાત કરવામાં આવી હતી.





## ચિલોડા માર્ગ પર ચક્કાજામ

નેશનલ હાઈવે નં. ૮ પર ચિલોડા-પ્રાંતિજ સુધીનું માર્ગ સમારકામ ચાલી રહ્યું છે. તંત્ર દ્વારા આ માર્ગને ટુકડે ટુકડે તૈયાર કરવામાં આવી રહ્યો હોવા છતાં છેક ચંદ્રાલા પાસેથી ડાયવર્ઝન આપી દેવાતા વાહનોનો ધસારો માત્ર એક સાઈડનો માર્ગ પર આવી ગયો છે. જેને પગલે સાંજથી હેવી ટ્રાફીક જામની સ્થિતિ સર્જાઈ ગઈ હતી. જે ત્રણ કલાકથી વધુ સમય થઈ ગયા બાદ પણ પોલીસ કાબુમાં લઈ શકે તેવી સ્થિતિ નહોતી. ચિલોડા સર્કલથી ચારેય બાજુના માર્ગે બબ્બે કિલોમીટરથી લાંબી વાહનોની લાઈન થઈ જવા પામી હતી. જેને પગલે વાહનચાલકો તોબા પોકારી ઉઠ્યા હતા.

ચિલોડા-પ્રાંતિજ હાઈવે પર તંત્ર દ્વારા માર્ગ સમારકામ તથા નવીનીકરણનું કાર્ય શરૂ કરવામાં આવ્યું છે. ત્યારે ડાયવર્ઝન છેક ચંદ્રાલાથી આપી દેવાનો આડેધડ નિર્ણય લઈ લેવાતા આજે આ માર્ગ પર ચક્કાજામ થઈ જવા પામ્યુ છે. ટુકડે ટુકડે કામ ચાલી રહ્યુ હોવા છતાં નજીકના કટને બદલે છેક ચંદ્રાલા પાસેના કટથી વાહનોને એક માર્ગ પરનો ડાયવર્ઝન આપી દેવાતા આ આખા હાઈવે પર સખત ટ્રાફીક જામના દ્રશ્યો સર્જાયા હતા. ચિલોડા સર્કલથી ચારેય તરફમાં માર્ગો પર છેક બબ્બે-ત્રણ-ત્રણ કિલોમીટર સુધી જામ થઈ ગયેલા આ ટ્રાફીકને હળવો કરવા પોલીસની ટીમો ઉતરી જવા છતાં ત્રણ-ત્રણ કલાક બાદ પણ સ્થિતિ કાબુ હેઠળ આવી ન હતી. સાંજના સુમારે કલાકો સુધી રહેલા હેવી ટ્રાફીકથી વાહનચાલકો ત્રાહીમામ થઈ ગયા હતા. **(તસવીર : ધર્મેન્દ્રભાઈ મહેતા)**



અમદાવાદના આકર્ષણમાં ઉમેરો - ગાંધીનગર અને અમદાવાદ વિકાસની વણથંભી કૂચ કરી રહ્યા છે... અમદાવાદમાં દર વર્ષે આકર્ષણમાં વધારો થાય છે... સાહસિકતાની સાથે મનોરંજન અને આંતરિક શક્તિના વિકાસ માટે અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા ઝીપ ડ્રાઈવની ચકાસણીએ ભારે ઉત્તેજના જગાવી હતી.

## રાજ્યને ક્રૂડ ઓઈલ રોયલ્ટીના ૭૬૩ કરોડ મળ્યા

### કોર્ટના નિર્ણયની રાહ જોયા વિના નાણા આપ્યા : હજુ રૂપિયા ૮૦૦ કરોડ આવનાર

### છ મહિનામાં આપવા મોદી સરકાર કટિબદ્ધ : અચ્છે દિન આયે : અડચણો દૂર

ગાંધીનગર, તા.૧૭

ઊર્જામંત્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું છે કે, કેન્દ્રની વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની એન.ડી.એ.સરકારે ગુજરાતને વર્ષોથી કુડ આઈલ રોયલ્ટી મામલે યુ.પી.એ. સરકારે કરેલો અન્યાય દુર કરી ૭૬૩ કરોડ આજૂ ચૂકવી આપ્યા છે. એટલું જ નહીં, આગામી ૬ માસમાં ગુજરાતનૂ બીજા ૮૦૦ કરોડ રૂપિયાના આ રોયલ્ટી પેટે ચૂકવવાની ખાતરી પણ આપી છે. સૌરભભાઈ પટેલે જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ સત્તા સુકાન સંભાળ્યું ત્યારે જ કો-ઓપરેટીવ ફેડરીલીઝમ સહાકારિતા સમવાયતંત્રની પરિપાટીએ કેન્દ્ર-રાજયો વચ્ચે સંબંધો અને નાણા આયોજનો-ફાળવણીમાં કોઈ ભેદભાવ ન રાખવાની જે પરંપરા શરૂ કરી છે. તેનું ઉત્તમોતમ ઉદાહરણ ગુજરાતને ૭૬૩ કરોડ ફાળવીને અને આગામી ૬ માસમાં ૮૦૦ કરોડ ફાળવવાનું વચન આપીને પુરું પાડ્યું છે. ઊર્જામંત્રીએ કહ્યું કે, ભૂતકાળમાં યુ.પી.એ. સરકાર સમક્ષ ગુજરાતે કુડ ઓઈલ રોયલ્ટીના તેના હક્કના નીકળતા નાણા માટે વારંવાર વિવિધ તબક્કે રજૂઆતો કરી હતી. પરંતુ ગુજરાત જેવા વિકસતા રાજયને અન્યાયનો સિલસિલો જારી રાખતા યુ.પી.એ સરકારે કુડ આઈલ રોયલ્ટીના નાણા આપ્યા જ નહી, ઉલ્ટાનું અટલબિહારી બાજપેયીજીની એન.ડી.એ સરકારે તેના સમયમાં કુડ ઓઈલ રોયલ્ટીના જે ભાવ નક્કી કર્યા હતા. તેમાં પણ ઘટાડો કરી ગુજરાતને ૧૦હજાર કરોડનું નુકસાન વેઠવા વારો આવે તેવા કારસો રચેલો અને બાજપેયીજીએ રચેલી મોસ્કર કમિટિની ભલામણો પણ અવગણી હતી. ગુજરાતને થઈ રહેલા આ અન્યાય સામે તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી અને ઊર્જામંત્રીએ યુ.પી.એ.ની કેન્દ્ર સરકારને પત્રો લખીને રજૂઆતો કરી અન્યાય દૂર કરવા વિનંતી કરી તે પણ જાણે બહેરા કાને અથડાતી હોય તેમ કોઈ પરિણામ મળ્યા નથી. સૌરભભાઈ પટેલે ઉમેર્યું કે, ગુજરાત અને ગુજરાતીઓ અન્યાય સામે ન ઝુકવા અને કેન્દ્રની યુ.પી.એ સરકાર ઓરમાયા વલણને પડકારવા મક્કમ હતા એટલે ગુજરાત

● અનુસંધાન પાન-૭ પર


અભૂતપૂર્વ ઓફર
ફક્ત રૂા.૯૦૦૦/- ભરી
ગ્રાફિક્સ અને એનીમેશનના કોર્સમાં જોડાઓ
કોર્સ બાદ ચોક્કસ નોકરી
પગારધોરણ ૧૨૦૦૦ થી ૧૫૦૦૦
નોકરી નહી તો ફી પરત
કોઈપણ છુપી શરત નહી
મર્યાદિત સંખ્યા, વહેલા તે પહેલાના ધોરણે
આજે જ રજીસ્ટ્રેશન કરાવો
8306781161


## રાજ્યમાં ૨૩૬૨૮ મેગાવોટ વિજ ઉત્પાદન

ગાંધીનગર, તા.૧૭

ગુજરાત રાજય હસ્તકના વીજ ઉત્પાગન મથકોનું વીજ ઉત્પાદન ખાનગી વીજ ઉત્પાદકોની સરખામણીએ ઓછું છે. તેમાં વિપક્ષોનો આક્ષેપોનો જવાબ આપતા ઊર્જા મંત્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું હતું કે, ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ૨૩૬૨૮ મેગાવોટ છે. મંત્રીએ જણાવ્યું કે, છેલ્લા રાજય સરકાર હસ્તકનીજ ઉત્પાદન કંપનીની ઉત્પાદનક્ષમતામાં વધારો થયેલ છે. રાજય સરકાર હસ્તના વીજ ઉત્પાદનમાં વર્ષ ૨૦૦૯-૧૦ માં ૪૫૦ મેગાવોટ, વર્ષ ૨૦૧૦-૧૧ માં ૨૫૦ મેગાવોટ, વર્ષ ૨૦૧૧-૧૨માં ૩૫૧ મેગાવોટ અને વર્ષ ૨૦૧૨-૧૩ માં ૫૦૦ અને વર્ષ ૨૦૧૪-૧૫ માં ૭૦૨ મેગાવોટ એમ કુલ ૨૨૫૮ મેગાવોટનોવીજ ઉત્પાદનમાં વધારો કરવામાં આવ્યો છે. આ ઉપરાંત રાજયમાં સિક્કા ખાતે એક ૫૦૦ મેગાવોટનું કોવસા આધારિત યુનિટ માસ મે-૧૫ માં અને ભાવનગર ખાતે ભાવનગર એનર્જી કંપનીના બે યુનીટ ૫૦૦ મેગાવોટ લિગ્નાઈટ આધારીત અનુક્રમે મે-૨૦૧૫ અને ફેબ્રુઆરી-૧૬ના અંતે કાર્યાન્વીત કરવાનું કાર્યાન્વીત કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.





ગાંધીનગરમાં સૌથી વિશાળ પાર્ટી પ્લોટ
શિવાલય
ફાર્મ & પાર્ટી પ્લોટ
● ૧,૨૫૦૦૦ સ્કે. ફૂટ લોન એરીયા
● અદ્યતન કીચન તથા વોશ એરીયા
● બાળકો માટે પ્લે એરીયા
● વિશાળ પાર્કીંગની સુવિધા, આકર્ષક એન્ટ્રી ગેટ
● ૧૦,૦૦૦ માણસની કેપેસીટી
● અલગ Groom અને Bridle રૂમ
મેરેજ, રીસેપ્શન, રીંગ સેરેમની, બર્થ-ડે પાર્ટી, ગેટ-ટુ-ગેધર તથા શુભ પ્રસંગ માટે
બુકીંગ ચાલુ છે - ૨૧/૪/૨૦૧૫થી...
વાઘેલા ઘનશ્યામસિંહ એમ.- ૯૮૨૫૦ ૨૨૧૭૩
વાઘેલા જીતેન્દ્રસિંહ એમ. - ૯૮૨૫૬ ૦૪૫૭૫
ક-૭ ચોકડી, વસંત વગડોની સામે, ગાંધીનગર-માણસા હાઈવે, ગાંધીનગર